Education Quality and Accountability Office
EQAO

Office de la qualité et de la responsabilité en éducation
OQRE

# માતાપિતા માટે સવાલો અને જવાબો

**ગ્રેડ 6**

## 1. ગ્રેડ 6ની આકારણી માટે કઈ બાબતોનું પરીક્ષણ થાય છે?

ગ્રેડ 6ની આકારણી માટે વાંચન, લેખન અને ગણિતની કુશળતાઓને વિદ્યાર્થીઓએ જૂનિયર વિભાગના અંતે *ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ) (The Ontario Curriculum)* મુજબ શીખી લીધા છે, તેની અપેક્ષા રાખવામાં આવે છે.

## 2. ગ્રેડ 6 EQAOની આકારણી, મારું બાળક જે ક્લાસમાં બીજી પરીક્ષાઓ આપી રહ્યું છે, તેનાથી કઈ રીતે જુદી રહે છે?

EQAO પરીક્ષાઓ અને ક્લાસરૂમ પરીક્ષાઓના જુદાજુદા લક્ષ્યો હોય છે અને જુદીજુદી માહિતી આપે છે.

**ક્લાસરૂમ પરીક્ષાઓ**

- વિદ્યાર્થીઓએ નિશ્ચિત માહિતી કેટલી સારી રીતે શીખી લીધી છે અને સ્કૂલના કોઈ એક ખાસ વર્ષ દરમ્યાન શું સ્થાન મેળવ્યું છે, તેને ચકાસે છે;
- વિદ્યાર્થીના શિક્ષણ વિષે તરત માહિતી આપે છે, જેથી શિક્ષકો શિક્ષણની પદ્ધતિઓ (અભ્યાસક્રમ), જે પોતાના ક્લાસમાં અનુસરી રહ્યા હોય છે, તેમાં ફેરફાર લાવી શકે છે;
- શિક્ષકો દ્વારા સ્વતંત્ર રીતે વિકસાવવમાં, વહીવટ કરવામાં અને તેના ગુણોની નોંધ કરવામાં આવે છે અને તેમના વ્યક્તિગત ગ્રેડિંગના વિભાગો હોઈ શકે છે, જેનો આધાર પ્રત્યેક વિદ્યાર્થી માટે શિક્ષકની જાણકારી પર રહે છે અને
- પરિણામો આપે છે જેની સ્કૂલ, બોર્ડ અથવા પ્રાન્ત સાથે સરખામણી કરી શકાય તેમ હોતી નથી.

**EQAO આકારણીઓ**

- વિદ્યાર્થીઓના શિક્ષણના મુખ્ય તબક્કાઓના કે, જેનો સંબંધ પ્રાન્તીય માપદંડો સાથે હોય છે તે, તેના ઉત્તરોત્તર વધતા જ્ઞાન અને કુશળતાઓને ચકાસે છે;
- વિદ્યાર્થીના શિક્ષણની વાર્ષિક માહિતી આપે છે જેનો ઉપયોગ શિક્ષકો, સ્કૂલો, સ્કૂલ બોર્ડ અને પ્રાન્ત કરી શકે છે, જેથી સુધારાઓ માટે વિકાસ અને યોજનાનું ધ્યાન રાખી શકાય;
- ઑન્ટારિયોના શિક્ષક દ્વારા વિકાસ અને સંચાલન માટે કરવામાં આવે છે;
- ઑન્ટારિયો શિક્ષકો અને બીજી લાયકાત ધરાવતી વ્યક્તિઓ, જેમણે ખાસ તાલીમ મેળવી છે, તેમના દ્વારા સુસંગત અને વાસ્તવિક રીતથી ગુણાંકન મેળવે છે અને
- પરિણામો આપે છે, જેમની સરખામણી સ્કૂલ, બોર્ડ અને પ્રાન્તમાં વાર્ષિક રીતે થઈ શકે છે.

## 3. શું બધા વિદ્યાર્થીઓએ ગ્રેડ 6 આકારણીમાં ભાગ લેવાની જરૂરિયાત હોય છે?

પ્રાંતીય પરીક્ષાઓ, ઑન્ટારિયો શૈક્ષણિક કાર્યક્રમનો ભાગ હોય છે. બધા ગ્રેડ 6ના વિદ્યાર્થીઓ, જેઓ સાર્વજનિક ભંડોળથી ચાલતી સ્કૂલોમાં હાજરી આપે છે અને જેઓ *ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ)* અનુસરે છે, તેમને *શિક્ષણ ગુણવત્તા અને જવાબદારી ઑફિસ એક્ટ (The Education Quality and Accountability Office Act)* હેઠળ ગ્રેડ 6ની આકારણી માટે જરૂરિયાતો રહે છે.

## 4. ખાસ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ ગ્રેડ 6 આકારણી પર કયા પ્રકારનો આધાર મેળવે છે?

વિદ્યાર્થીઓ જેમને ખાસ શૈક્ષણિક જરૂરિયાતો હોય છે અને વ્યક્તિગત શિક્ષણ યોજના (Individual Education Plan – IEP) પર હોય છે તેમને ગ્રેડ 6 આકારણી માટે કેટલીક છૂટની પરવાનગી હોય છે, જેને EQAO મંજૂર કરે છે અને જે તેમના ક્લાસરૂમ આકારણીઓની નિયમિત પદ્ધતિ સાથે સુસંગત હોય છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ, ખાસ જોગવાઈઓ અને છૂટ માટે ગાઈડ (Guide for Accommodations, Special Provisions and Exemptions)* જોઈ શકો છો.

## 5. ગ્રેડ 6 આકારણી માટે અંગ્રેજી ભાષા શીખનારાઓ કેવો આધાર મેળવે છે?

અંગ્રેજી ભાષા શીખનારાઓને ગ્રેડ 6 આકારણી માટે ખાસ જોગવાઈઓની પરવાનગી હોય છે, જેને EQAO મંજૂર કરે છે અને જે તેમના ક્લાસરૂમ આકારણીઓની નિયમિત પદ્ધતિ સાથે સુસંગત હોય છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ, ખાસ જોગવાઈઓ અને છૂટ માટે ગાઈડ* જોઈ શકો છો.

## 6. શું છૂટછાટની પરવાનગી હોય છે?

કેટલાક કેસમાં, વિદ્યાર્થીઓને ગ્રેડ 6 આકારણી લેખનથી છૂટ મળી શકે છે, જો તેઓ EQAO નિર્ધારિત માપદંડો પૂરા કરે.

પ્રિન્સિપાલ અને સ્કૂલ ટીમ, માતાપિતાઓ અથવા વાલીઓ સાથે ચર્ચા-વિચારણા કરી સ્કૂલના સ્તર પર વિદ્યાર્થીઓની પ્રાન્તીય પરીક્ષાઓમાં ભાગીદારી અને છૂટ તથા ખાસ જોગવાઈઓ વિષે નિર્ણય લેશે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ, ખાસ જોગવાઈઓ અને છૂટ માટે ગાઈડ* જોઈ શકો છો.

## 7. ગ્રેડ 6 આકારણી ક્યારે કરવામાં આવે છે?

ગ્રેડ 6 આકારણી બે-અઠવાડિયાના સમય દરમ્યાન નોંધવામાં આવે છે, ખાસ કરીને મે મહિનાના અંતે અને જૂનના પ્રારંભમાં. પ્રત્યેક સ્કૂલ પોતાની પરીક્ષાઓની તારીખો અને સમય નક્કી કરે છે, જે નિર્ધારિત કરેલા આકારણી સમય દરમ્યાન હોય છે.

## 8. ગ્રેડ 6 આકારણી ક્યારે કરવામાં આવે છે?

ગ્રેડ 6 આકારણી પ્રાન્તમાં સતત રીતે સંચાલિત કરવામાં આવે છે, જે ઑન્ટારિયોનું શૈક્ષણિક જૂથ કરે છે, જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓના ક્લાસરૂમના શિક્ષકો હોય છે. વિદ્યાર્થીઓને, આકારણીના છ વિભાગોના પ્રત્યેક વિભાગને પૂરા કરવા માટે લગભગ એક કલાક આપવામાં આવે છે. અમારી વેબસાઈટ પરથી નમૂનાઓની આકારણી પુસ્તિકાઓ ઉપલબ્ધ હોય છે.

EQAO બહુવિધ વાર્ષિક યોજનાની મધ્યમાં છે, જે પ્રાન્તીય આકારણી કાર્યક્રમ ઑનલાઈન કરશે.

## 9. જો EQAO આકારણીના દિવસોમાં મારું બાળક ગેરહાજર રહે તો શું થશે?

જ્યારે ગ્રેડ 6 આકારણીના દિવસોમાં તમારું બાળક ગેરહાજર રહે તો, જ્યારે બાળક પાછું આવે ત્યારે સ્કૂલ આકારણી લખવા માટે ગોઠવણી કરશે, પરંતુ તે ફક્ત નક્કી કરેલા બે-અઠવાડિયાના આકરણી સમય દરમ્યાન જ હશે. તે સમય દરમ્યાન જો તમારું બાળક શાળામાં પાછું ન આવે, તો તે આકારણીમાં ભાગ લઈ શકશે નહીં.

જે વિદ્યાર્થીઓની આકારણીમાં ભાગ લેવા માટે અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ ભાગ લેતા નથી તેમનો પણ પરિણામોનો જાહેર રિપોર્ટમાં સમાવેશ થશે. પ્રત્યેક વિદ્યાર્થી માટે સાર્વજનિક ભંડોળથી ચાલતી શૈક્ષણિક પદ્ધતિ જવાબદાર રહે છે, EQAO પ્રત્યેક વિદ્યાર્થી માટે રિપોર્ટ કરે છે. જો વિદ્યાર્થીને EQAO માર્ગદર્શન હેઠળ છૂટછાટ ન હોય અને તે આકારણી લખે નહીં, તો તેને ગેરહાજર ગણવામાં આવશે, અને EQAO રિપોર્ટિંગમાં તેનો કોઈપણ ડેટા હશે નહીં.

## 10. આકારણી માટે મારા બાળકે કેવી રીતે તૈયારી કરવી જોઈએ?

ગ્રેડ 6 આકારણી 100% *ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ)* પર આધારિત હોય છે તેથી કોઈ વિશિષ્ટ તૈયારીની જરૂરત હોતી નથી. આકારણીની રૂપરેખા (ફૉરમેટ) અને સવાલો જે પૂછવામાં આવશે તેના પ્રકારો સાથે પરિચિત થવા, તમે આકારણીના નમૂનાઓની પુસ્તિકાઓ જોઈ શકો છો.

## 11. EQAO આકારણીઓનું ગુણાંકન કેવી રીતે થાય છે?

બધા EQAO આકારણીઓ પર, બહુવિધ પસંદગીઓના પ્રત્યુત્તરોનું મશીન પર ગુણાંકન થાય છે. ખુલ્લા જવાબ માટેના સવાલોના પ્રત્યુત્તરો જે ગ્રેડ 6 આકારણી માટે હોય છે તેનું ગુણાંકન ઑન્ટારિયોના કેળવણીકારો કરે છે જેમને વિશિષ્ટ તાલીમ મળી હોય છે અને જેમણે યોગ્યતા પરીક્ષા પસાર કરી હોય છે. આ વિડિઓ, EQAO પરીક્ષાઓ કેવી રીતે બને છે, સંચાલિત અને ગુણાંકિત થાય છે (How EQAO Tests Are Created, Administered and Scored) વિષે વધારે માહિતી માટે સમજાવે છે.

## 12. મારા બાળકનું પરિણામ મને ક્યારે મળશે?

પ્રત્યેક વિદ્યાર્થી જે આકારણી લખે છે, તેને વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ (Individual Student Report –ISR) મળશે, જે તેના પરિણામોની રૂપરેખા આગળ આવતા સ્કૂલના વર્ષના ફૉલ(ઑટમ)માં આપશે. વધારે માહિતી માટે આ ISR નમૂનો જુઓ.

આકારણી પછી ફૉલમાં, EQAOની બધા આકારણીઓના પ્રાન્તીય પરિણામોનો પણ રિપોર્ટ થશે. EQAOની વેબસાઈટ પર સ્કૂલ અને સ્કૂલ બોર્ડના પરિણામો પ્રકાશિત કરવામાં આવે છે.

## 13. EQAO પરિણામોનો રિપોર્ટ કેવી રીતે થાય છે?

જૂનિયર-વિભાગની આકારણીના પરિણામોનો રિપોર્ટ પ્રાન્તના પ્રાપ્તિના ચાર સ્તરો પ્રમાણે થાય છે. શિક્ષકો, જે ક્લાસરૂમમાં ઉપયોગ કરે છે અને વિદ્યાર્થીની પ્રાપ્તિનો રિપોર્ટ કરવા રિપોર્ટ કાર્ડ પર ઉપયોગ કરે છે, તે પ્રાપ્તિના એકસમાન સ્તરો હોય છે. પ્રાન્તીય માપદંડ લેવલ 3 હોય છે, જેની સમાનતા B– થી B+ રેંજ પ્રાપ્તિ સુધીની હોય છે.

જે વિદ્યાર્થીઓ આકરાણીના આ માપદંડ પૂરા કરે છે કે તેનાથી આગળના પૂરા કરે છે (દાખલા તરીકે, લેવલ 3 કે 4ની પ્રાપ્તિ) તે મોટા ભાગનું જ્ઞાન અથવા સંપૂર્ણ જ્ઞાન અને તેમના ત્યારના શિક્ષણના તબક્કાની બધી કુશળતાઓ દર્શાવે છે.
વધારે વિગતો માટે, કૃપા કરી વાંચો અ પેરેંટ્સ ગાઈડ ટૂ અંડરસ્ટેંડિંગ યુઅર ચાઈલ્ડ્સ રિઝલ્ટ્સ (A Parent's Guide to Understanding Your Child's Results).

## 14. મારા બાળકના EQAO પરિણામોની તેની ગ્રેડમાં ગણતરી થશે?

પ્રાંતીય મૂલ્યાંકનના પ્રાથમિક શાળાના પરિણામોમાં વિદ્યાર્થીઓના ગ્રેડને ગણતરીમાં લેવામાં આવતા નથી. રિપોર્ટ કાર્ડની ગ્રેડની સાથે ધ્યાનમાં લેવા માટે તે વધારાની માહિતી આપે છે, જેથી વિદ્યાર્થીની શિક્ષાનું મૂલ્યાંકન થાય અને નક્કી કરાય કે, ક્યા પ્રકારના વધારાના આધારની જરૂરત છે.

## 15. શું પરિણામો કાયદેસરના અને વિશ્વાસપાત્ર હોય છે?

હા. EQAO પરીક્ષાની ક્રમિક વૃદ્ધિ, તપાસ અને ગુણવત્તાની ખાતરીની પદ્ધતિઓ દુનિયાની શ્રેષ્ઠ રહી છે અને એજન્સીના ડેટાની તેઓ માન્યતા અને વિશ્વસનીયતાની ખાતરી આપે છે. આકારણીના પ્રત્યેક તબક્કા પર EQAO પાસે વિશ્વાસપાત્રતાની તપાસ હોય છે—પરીક્ષાઓની વૃદ્ધિથી શિક્ષકો દ્વારા ગુણાંકો અપાવાની અને તે પછી પરિણામોના રિપોર્ટ સુધીની. EQAO તેના ડેટાની પ્રામાણિકતા માટે શ્રેષ્ઠ મહત્ત્વ આપે છે.

## 16. મારા બાળકના શિક્ષણના આધાર માટે તેના EQAO પરિણામોનો ઉપયોગ હું કઈ રીતે કરી શકું છું?

બાળકના અભ્યાસનું મૂલ્યાંકન કરવા માટે, એ મહત્ત્વનું હોય છે, કે તમે વ્યાપક શ્રેણીની માહિતીને ધ્યાનમાં લો. તમારા બાળકના રોજિંદા ક્લાસરૂમ કામ સાથે અને બીજી આકારણીની અને સંબંધિત માહિતી સાથે EQAO પરિણામોની તપાસ થવી જોઈએ જેથી, તેના શિક્ષણને માપી શકાય અને નક્કી કરી શકાય કે, ક્યાં વધારે મદદની જરૂર છે.

જે વિદ્યાર્થીઓ ગ્રેડ 6માં પ્રાન્તીય માપદંડ માટે યોગ્ય ઉતરતા નથી, તો શિક્ષકો અને માતાપિતાઓ માટે ખાસ મહત્ત્વનું રહે છે કે, તેઓ સાથે મળીને કામ કરી ચર્ચાવિચારણા કરે કે તેઓ શિક્ષાના અંતરોને કેવી રીતે હટાવી શકે છે. EQAO વિદ્યાર્થીના જૂથોને ટ્રૅક કરવાથી સ્પષ્ટ સમજાય છે કે, વિદ્યાર્થીઓ જેઓ પ્રાન્તીય માપદંડ માટે શરૂઆતની ગ્રેડમાં યોગ્ય થતા નથી તેઓ આગળની ગ્રેડમાં સંઘર્ષ કરતા રહે છે.

## 17. મારા બાળકની સ્કૂલના પરિણામો મને શું બતાવે છે?

સ્કૂલના પરિણામો જણાવે છે કે, તમારી સ્કૂલના વિદ્યાર્થીઓ તમારી સ્કૂલ બોર્ડના અને પ્રાન્તના વિદ્યાર્થીઓની સરખામણીમાં કેવા રહ્યા છે. બીજા વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રાપ્તિની સરખામણીમાં તમારા બાળકની પ્રાપ્તિ કેવી રહી છે તેની જાણકારી માટે તમને મદદ કરશે અને વિદ્યાર્થીની પ્રાપ્તિના આધાર માટે તમને ચર્ચાવિચારણા માટે તૈયાર કરશે. અહીંયા તમારી સ્કૂલના પરિણામો જૂઓ ત્યારે પૂછવા માટે છ સવાલો (Six Questions to Ask When Looking at Your School's Results) છે.

તમારા બાળકના શિક્ષક અથવા પ્રિંસિપાલ સાથે તમે EQAO પરિણામોના મહત્ત્વ વિષે વાત કરી શકો છો, જેથી તમારા બાળકની સ્કૂલના શિક્ષણના કાર્યક્રમો મજબૂત બને. સમગ્ર ઑન્ટારિયોની સ્કૂલો EQAO ડેટાનો ઉપયોગ કરે છે. બીજા ક્લાસરૂમ ડેટા, જેમ કે, રિપોર્ટ કાર્ડ ગ્રેડ, હાજરીનો દર અને સંબંધિત માહિતીનો ઉપયોગ કરી તેમના સુધારાના કાર્યક્રમોનો વિકાસ કરે છે.

## 18. આકારણી પર મારું બાળક નિષ્ફળ રહે તો શું થશે?

શિક્ષકો અને માતાપિતાઓ માટે મહત્વનું રહે છે કે તેઓ વિદ્યાર્થીઓના પરિણામો પર ચર્ચા કરે, તેવા વિદ્યાર્થીઓ વાંચન, લેખન અથવા ગણિતની કુશળતાઓના પ્રાન્તીય માપદંડો પૂરા કરી શકતા નથી અને તે તેઓ માટે સાથે મળીને કામ કરે. જૂનિયર-વિભાગની આકારણીના પરિણામોની ગણતરી વિદ્યાર્થીના ગ્રેડમાં થતી નથી.

## 19. ઑન્ટારિયો માટે પ્રાન્તીય વિસ્તૃત આકારણીઓની જરૂરત શા માટે રહે છે?

EQAO પરિણામો ઑન્ટારિયોની શૈક્ષણિક પદ્ધતિની જવાબદારીની મુખ્ય રીત છે અને વિદ્યાર્થી, સ્કૂલ, સ્કૂલ બોર્ડ અને પ્રાન્તીય સ્તરોના સુધારાઓની યોજના માટેનું મહત્ત્વનું સાધન છે. સ્કૂલ પદ્ધતિ, જે સતત સુધારાઓ માટે ગંભીર છે તેમની વિદ્યાર્થી માટેની સિદ્ધિપ્રાપ્તિના પુરાવાની વિસ્તૃત પદ્ધતિ હોવી જોઈએ, જે વાસ્તવિક અને વિશ્વાસપાત્ર હોય. આકારણીના પરિણામો તે ક્ષેત્રોને મહત્ત્વના જણાવે છે, જ્યાં વિદ્યાર્થીઓને વધારે મદદની જરૂર હોય છે. કેળવણીકારો, સ્કૂલો, બોર્ડ અને પ્રાન્ત આ ડેટાનો ઉપયોગ કરી શિક્ષણ આપવાના અને શિક્ષણ શીખવાના કાર્યસાહસને ધ્યેય બનાવે છે.